G NEWS ગરવી તાકાત LIVE
૨૭-૦૫-૨૦૨૫ ● મંગળવાર
વર્ષ : ૧૧ ★ અંક નં : ૪૩
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY તંત્રી : પ્રકાશ આર.ચૌધરી દૈનિક

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ,ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂ.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

20 વર્ષ
શહેરી વિકાસનાં

## GUJARAT URBAN DEVELOPMENT YEAR, 2025



વર્ષ 2005માં શરૂ થયેલી વણથંભી શહેરી વિકાસ યાત્રા
આજે 2025માં પહોંચી છે,

અને ગુજરાત ઉજવી રહ્યું છે
**20 વર્ષ શહેરી વિકાસનાં**



— ગરિમામયી ઉપસ્થિતિ —

**શ્રી નરેન્દ્ર મોદી**
માનનીય વડાપ્રધાન

**શ્રી આચાર્ય દેવવ્રત**
માનનીય રાજ્યપાલ, ગુજરાત

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત


**શ્રી મનોહર લાલ**
માનનીય કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ મંત્રી, ભારત

**શ્રી સી. આર. પાટીલ**
માનનીય કેન્દ્રીય જળ શક્તિ મંત્રી, ભારત


**27 મે, 2025 | સવારે 10:30 વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર**

**20 વર્ષ શહેરી વિકાસનાં**


શહેરી વસ્તીમાં 37% થી 48%ના વધારા સાથે શહેરીકરણને વેગ મળ્યો
કુલ 7 થી 17 મહાનગરપાલિકાના વધારા સાથે શહેરી વિસ્તારોનું વિસ્તરણ થયું
₹661 કરોડનું શહેરી વિકાસનું બજેટ 45 ગણા વધારા સાથે ₹30,325 કરોડ થયું
અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં BRTS અને મેટ્રો રેલ સુવિધાઓથી શહેરી પરિવહનનું આધુનિકીકરણ
સાબરમતી રિવરફ્રન્ટ, ગિફ્ટ સિટી, ડ્રિમ સિટી અને સસ્ટેનેબલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી થયું શહેરોનું નવનિર્માણ
પ્રધાનમંત્રી આવાસ યોજના અને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના અમલીકરણમાં ગુજરાત દેશમાં અગ્રેસર



**'શહેરી વિકાસ વર્ષ – 2025' ની આ ઉજવણીમાં છે**



શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કુલ ₹30,325 કરોડના બજેટમાંથી ₹3,300 કરોડની પ્રથમ હપ્તાની ગ્રાન્ટનું વિતરણ કરવામાં આવશે. આ પગલું ગુજરાતના 166 શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULBs)ના નાગરિકોના જીવન પર સકારાત્મક અસર કરશે.



સાબરમતી રિવરફ્રન્ટના ફેઝ-3 અમદાવાદ, વિવિધ શહેરોના 22,000 પરિવારોને પોતાના આવાસ, બાયો ડાયવર્સિટી પાર્ક, સુરત, સિવિલ હોસ્પિટલ અમદાવાદ કેમ્પસમાં 1800 બેડની હોસ્પિટલ, U.N. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી અને રિસર્ચ સેન્ટરના સેટેલાઇટ સેન્ટર (ગાંધીનગર) સહિત ₹5536 કરોડના જન સુખાકારીના અનેક વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત



વિકસિત ભારત @2047 ના લક્ષ્ય માટે વિકસિત ગુજરાત @2047ને ગતિ આપનારા અનેક નિર્ણયો લેવાશે

જીવંત પ્રસારણ જુઓ DD NEWS પર




# સિંધમાં આક્રોશ

ભારત દ્વારા સિંધુ જળ સંધિ સ્થગિત કરાયા બાદ પાકિસ્તાન તરફથી 'પ્રતિક્રિયા' આવવી શરૂ થઈ ગઈ છે. સિંધમાં પ્રદર્શનકારીઓએ ગૃહ મંત્રી જિયાઉલ હસન લંજારનું ઘર જ આગને હવાલે કરી દીધું. આ તો માત્ર શરૂઆત છે. ભારતનું 'જળાસ્ત્ર' ભવિષ્યમાં ઘાતક મિસાઈલોથી પણ વધુ અસરકારક સાબિત થઈ શકે છે. પાકિસ્તાનના પંજાબી શાસકો જાણે છે કે આજે નહીં તો કાલે, વિરોધ અને નફરતની આધારશિલા પર ઊભેલું તેમનો દેશ તૂટી જશે. એટલે તેઓ પોતાના પ્રાંત માટે અગાઉથી બધી વ્યવસ્થા કરવા માગે છે. તેઓએ હંમેશા સિંધ, બલૂચિસ્તાન અને ખૈબર પખ્તૂનખ્વાની અવગણના કરી છે. તેઓ સિંધુ નદી પર કેનાલ બાંધવાનો પ્રયાસ એ માટે કરી રહ્યા છે કે જેથી સિંધના અધિકાર છીનવી શકાય. પાકિસ્તાનમાં સિંધ અને પંજાબ વચ્ચેનો સંઘર્ષ ખૂબ જૂનો છે. પંજાબી સૈન્ય અને નેતાઓની એકપક્ષીયતા લીધે સિંધુદેશની માંગ ઊભી થતી રહી છે. આ વખતે સિંધની પ્રજાએ જે રીતે વિરોધ નોંધાવ્યો, એ તેમનો પુણ્યપ્રકોપ છે. આ દરમ્યાન જે નારેબાજી થઈ, તેમાં પણ સિંધુદેશની માંગ ઉઠાવવામાં આવી હતી. જેના કારણે ઈસ્લામાબાદ અને રાવલપિંડીના શાસકો ચિંતિત થઈ ગયા છે. જો સિંધમાં સ્વતંત્રતાની લહેર જોર પકડે છે, તો તેને દબાવવી પાકિસ્તાની સેના માટે ખૂબ મુશ્કેલ થઈ જશે. સિંધની સીમા ભારત સાથે જોડાયેલી છે. જો ભવિષ્યમાં પાકિસ્તાની સેના સિંધના લોકો પર મોટા પાયે દમન ચલાવે અને લોકો આંતરરાષ્ટ્રીય સરહદ સુધી મદદ માટે પહોંચી જાય (જેમ ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાનમાં થયું હતું), તો ભારત તેમાં હસ્તક્ષેપ કરી શકે છે.

સિંધના અનેક વિસ્તારોમાં રહેતા લોકો આ દિવસોમાં સોશિયલ મીડિયામાં વીડિયો અને ફોટા પોસ્ટ કરીને જણાવી રહ્યા છે કે ત્યાં નદીમાં પાણી બહુ ઓછું રહી ગયું છે. ઘણી જગ્યાએ તો દુકાળ જેવી સ્થિતિ છે. તેઓ સમજી રહ્યા છે કે આ માટે સૌથી વધુ જવાબદાર જનરલ આસિમ મુનીર છે. ભારતે ક્યારેય પાણી બંધ ન કર્યું હતું, ત્યાં સુધી કે યુદ્ધ દરમિયાન પણ સિંધુનું પાણી વહેતું રહ્યું હતું. હવે મોદી સરકારે ખૂબ કડક નિર્ણય લીધો છેઃ પાણી અને લોહી સાથે વહી ન શકે. આ એવો નિર્ણય છે, જે પાકિસ્તાનની આખું અસ્તિત્વ ખતમ કરી શકે છે. એક વર્ષમાં પાકિસ્તાનમાં અનાજ, દાળ, શાકભાજી, દૂધ, ઘી અને અન્ય ચીજોની કિંમતોમાં ભારે ઉછાળો જોવા મળી શકે છે. સિંધુને પાકિસ્તાનની 'જીવન રેખા' એમ જ નથી કહેવાતી. પાકિસ્તાનના દુરાચરણોને નિયંત્રિત કરવા માટે ભૂતકાળની સરકારોએ આવો નિર્ણય લેવો જોઈએ હતો. પાકિસ્તાનની અર્થવ્યવસ્થા પહેલેથી જ ગંભીર દબાણ હેઠળ છે. જો સિંધુનું પાણી અટકાવવામાં આવે, તો તે કેટલાં મહિના ટકી શકે? ત્યાં માત્ર એક મહિનામાં જ મોંઘવારી આસમાને આંબી છે. બજારથી લઈને ઘર સુધી તેની અસર દેખાઈ રહી છે. જેમ જેમ સ્થિતિ વધારે વિકટ બનશે, તેમ તેમ પાકિસ્તાન તરફથી ધમકીઓ પણ વધી જશે. તે કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓને બોલાવીને તેમની સામે રોદણાં રડશે. તેના નેતાઓ આવી સંસ્થાઓના મંચ પર ભાષણો કરીને વિનંતી કરશે કે અમારું દેવું માફ કરો અને ભારત પર દબાણ કરો. સોશિયલ મીડિયા પર ખોટા ફોટા પોસ્ટ કરીને સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કરશે. દૂષ્પ્રચારના નવા-નવા હથિયારો અજમાવાશે. એ સમયે ભારત સરકારે અને ભારતના નાગરિકોએ દૃઢતા દાખવવી પડશે. આતંકવાદ સામેની આ લડત લાંબી ચાલશે, પરંતુ પરિણામો ઠોસ આવશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ઇન્દ્રશીલ યુનિવર્સિટી અને IIT ગાંધીનગર વચ્ચે MoU, સંયુક્ત સંશોધન અને વિદ્યાર્થી વિનિમય થશે



(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

ઈન્દ્રશીલ યુનિવર્સિટી અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ગાંધીનગર (IITGN) વચ્ચે આજે સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ સમજૂતી અંતર્ગત બંને સંસ્થાઓ સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ, ફેકલ્ટી અને વિદ્યાર્થી વિનિમય કાર્યક્રમો, જ્ઞાન વહેંચણી અને પાઠ્યક્રમ વિકાસ જેવા ક્ષેત્રોમાં સહયોગ કરશે.

IIT ગાંધીનગરના ડિરેક્ટર પ્રો. રજત મૂનાએ જણાવ્યું કે તેમની સંસ્થા ભારત અને વિદેશની અનેક યુનિવર્સિટીઓ સાથે ટેક્નિકલ શિક્ષણ માટે સહકાર ધરાવે છે.

ઈન્દ્રશીલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ધર્મેશ શાહે આ સહયોગને વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી માટે વર્લ્ડ-કલાસ શિક્ષણ અને સંશોધનની તક ગણાવી છે.

કાર્યક્રમમાં IIT ગાંધીનગર તરફથી પ્રો. એસ. પી. મહેત્રા, પ્રો. નિથિન જોર્જ અને પ્રો. મિથુન રાધાકૃષ્ણન ઉપસ્થિત રહ્યા હતા. ઈન્દ્રશીલ યુનિવર્સિટી તરફથી ડૉ. કાર્તિક જૈન, ડૉ. કે. એન. તિવારી, ડૉ. વિશ્વજીત ઠાકર અને નિમિષ દવેએ હાજરી આપી હતી. આ સહયોગથી વિજ્ઞાન, ઈજનેરી અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં નવા સંશોધનો અને ક્ષમતા નિર્માણને વેગ મળશે.

### ગુજરાત એન્ટરપ્રાઈઝ માટે માત્ર પાંચ દિવસમાં ૭૧ લાખનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું

# મહેસાણા જિલ્લાના ૨૩ પોલીસ સ્ટેશનોની સફાઈના ટેન્ડરમાં કથિત ગોટાળા મામલે ભૌતિક ભટ્ટની ગૃહમંત્રીને રજુઆત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

મહેસાણા જિલ્લાના ૨૩ પોલીસ સ્ટેશનોની સફાઈના ટેન્ડરમાં કથિત ગોટાળો પ્રકાશમાં આવ્યો છે. સામાજિક કાર્યકર ભૌતિક ભટ્ટે આ મામલે ગૃહમંત્રીને રજૂઆત કરી છે.



જાન્યુઆરી ૨૦૨૫માં પૂર્ણ થનારા સફાઈના ટેન્ડરમાં મળતિયાઓને લાભ આપવા ૪૫થી ૫૦ લાખની રકમ નિર્ધારિત કરવામાં આવી હતી. ગુજરાત એન્ટરપ્રાઈઝ માટે માત્ર પાંચ દિવસમાં ૭૧ લાખનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું.

કોન્ટ્રાક્ટર અને મળતિયાઓ માટે ૧૦ દિવસ બાદ ૭૧ લાખનું ટેન્ડર રદ કરવામાં આવ્યું. ત્યારબાદ ૨.૮૫ કરોડનું નવું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું. દરેક પોલીસ સ્ટેશનની સફાઈની જગ્યાના માપ રાતોરાત બમણા કરી દેવામાં આવ્યા. આ ઉપરાંત સફાઈ માટે ૧૧ નવી કંપનીઓ રાતોરાત ઊભી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે.

ભૌતિક ભટ્ટે જણાવ્યું કે, ટેન્ડર પ્રક્રિયામાં હાજર રહેલા ઉચ્ચ અધિકારીઓની માહિતી જિલ્લા પોલીસ વડા પાસે માંગવામાં આવી છે. જો કે, હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા લોકોના નામ પણ જાહેર કરવામાં આવ્યા નથી. આ મુદ્દે ગાંધી ચીંધ્યા માર્ગે ઉપવાસ આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

### આગામી ૨૮ મે સુધી નોંધણી થયેલા તમામ સભ્યોને તાલીમ આપવામાં આવશે

# મહેસણા જિલ્લામાં યુદ્ધની સંભવિત પરિસ્થિતિઓમાં મિલકતના રકક્ષ માટે ૧૫૧ લોકોએ નોંધણી કરાવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

મહેસાણા જિલ્લામાં યુદ્ધની સંભવિત પરિસ્થિતિઓમાં શત્રુ હુમલા સામે વ્યક્તિ અને મિલકતના રક્ષણ માટે નાગરિક સંરક્ષણ સેવામાં ૧૫૧ લોકોએ નોંધણી કરાવી છે. આગામી ૨૮ મે સુધી નોંધણી થયેલા તમામ સભ્યોને તાલીમ આપવામાં આવશે.




અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જશવંત જેગોડાની અપીલ બાદ આ નોંધણી થઈ છે. નાગરિક સંરક્ષણ અધિનિયમ-૧૯૬૮ અને નિયમો-૧૯૬૮ અંતર્ગત આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.તાલુકાવાર નોંધણીમાં કડીમાં સૌથી વધુ ૯૯ લોકોએ નોંધણી કરાવી છે. વિસનગર અને ઊંઝામાં ૧૦-૧૦, મહેસાણામાં ૧૫, ખેરાલુમાં ૭, બેચરાજીમાં ૪, વડનગર, વિજાપુર અને જોટાણામાં ૩-૩ લોકોએ નોંધણી કરાવી છે. ૭૨ લોકોએ માય ભારત પોર્ટલ પર ઓનલાઈન અને ૭૯ લોકોએ મામલતદાર કચેરીમાં જઈને ઓફલાઈન નોંધણી કરાવી છે. હજુ પણ નોંધણી નો આંકડો વધે તેવી શકયતા સેવાઈ રહી છે.નાગરિક સંરક્ષણ વિભાગમાં નોંધણી માટે ભારત, સિક્કિમ, ભૂટાન અથવા નેપાળના નાગરિક હોવું જરૂરી છે. ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઈએ. શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ તેમજ અક્ષરજ્ઞાન ધરાવતા સ્ત્રી-પુરુષ બંને આ સેવામાં જોડાઈ શકે છે.

### તંત્ર દ્વારા ૭૦૦થી વધુ અકસ્માતનોની ફરિયાદોનું વિશ્લેષણ કરવામાં આવ્યું

# મહેસાણા આર.ટી.ઓ કચેરી દ્વારા હાઈવે વિશેષ સર્વે હાથ ધરવામાં આવ્યો : અકસ્માતોનો અભ્યાસ કરવામાં આવ્યા

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

મહેસાણા જિલ્લામાં વાહન અકસ્માતોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને આરટીઓ વિભાગ, પોલીસ વિભાગ અને હાઈવે ઓથોરિટી દ્વારા વિશેષ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જિલ્લામાંથી પસાર થતા તમામ હાઈવે પર થતા અકસ્માતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.



તંત્ર દ્વારા ૭૦૦થી વધુ અકસ્માતોની ફરિયાદોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસમાં જિલ્લામાં ૯ અકસ્માત સ્પોટ્સ ઓળખવામાં આવ્યા છે, જ્યાં અકસ્માતોનું પ્રમાણ વધારે છે. આ સ્થળો પર અકસ્માત નિવારવા માટે વિશેષ પગલાં લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

આરટીઓ ઓફિસર સ્વપ્રિલ પટેલે જણાવ્યું કે ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કમિટીના નેતૃત્વમાં તમામ વિભાગો સંકલિત રીતે કામ કરી રહ્યા છે. છેલ્લા ત્રણ વર્ષમાં થયેલા અકસ્માતોમાં રોડની ખામીઓ અને અન્ય કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

સર્વેમાં જે સ્થળો પર નાના-મોટા સુધારાની જરૂર છે, ત્યાં રોડ એજન્સીને ખામીઓ સુધારવા જણાવવામાં આવ્યું છે. કેટલાક સ્થળો પર લાંબા ગાળાના ઉપાયોની જરૂરિયાત છે. જ્યાં અગાઉના બ્લેક સ્પોટ્સ હતા, ત્યાં હવે બ્રિજના કામો શરૂ કરી દેવામાં આવ્યા છે.

### દાહોદમાં વિશાળ જનસભામાં વડાપ્રધાન મોદીની પાકિસ્તાનને ચેતવણી

# જો કોઈ આપણી બહેનોના સિંદુર ભૂંસશે, તેમનું ભૂંસાવવું નક્કી છેઃ મોદી

દાહોદ તા.૨૬

વડાપ્રધાન મોદીએ અહી કરોડો રૂપિયાની પરિયોજનાઓના શિલાન્યાસ અને લોકાર્પણ સમયે જનસભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે આ ક્ષેત્રમાં ભારતીનું માનવતાની રક્ષા માટે આપણા તપ અને ત્યાગને દર્શાવે છે. વિચારો જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ જે કંઈ કર્યું, શું ભારત ચૂપ રહી શકે? શું મોદી ચૂપ બેસી શકે છે?




ઓપરેશન સિંદુર પર અહીં મોદીએ જણાવ્યું હતું કે જો કોઈ અમારી બહેનોનું સિંદુર ભૂંસસે તો તેનું ભૂંસાઈ જવું નક્કી છે. એટલે ઓપરેશન સિંદુર માત્ર સૈન્ય કાર્યવાહી નથી, તે આપણા ભારતીયોના સંસ્કારો અને આપણી ભાવનાઓની અભિવ્યક્તિ છે. આતંકવાદીઓએ ૧૪૦ કરોડ ભારતીયોને પડકાર ફેંકયા હતો, એટલે મોદીએ એ જ કર્યું, જેના માટે દેશવાસીઓએ મને પ્રધાન સેવકની જવાબદારી આપી છે.

વડાપ્રધાને દેશના વિકાસ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દોહરાવી કહ્યું હતું- આજે દેશ નિરાશાના અંધકારમાંથી નીકળીને વિશ્ર્વાસના પ્રકાશમાં તિરંગો ફરકાવી રહ્યો છે.વડાપ્રધાને જણાવ્યું હતું કે આજે ૨૬ મે નો દિવસ છે. ૨૦૧૪માં આજના દિવસે મેં પહેલીવાર વડાપ્રધાનપદના શપથ લીધા હતા.રૂ

વડાપ્રધાને જણાવ્યુ હતું કે આજે ગુજરાતે વધુ એક સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાતમાં રેલ નેટવર્કનું ૧૦૦ ટકા વીજળીકરણ થઈ ગયું છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે આજે ભારત ઝડપી ગતિથી મેન્યુફેકચરીંગની દુનિયામાં આગળ વધી રહ્યું છે.

આજે સ્માર્ટફોનથી માંડીને રમકડાં, સેનાના શસ્ત્રો, દવાઓ અને લોકોમોટિવની પણ અનેક દેશમાં નિકાસ કરવામાં આવે છે. ભારત આજે દુનિયાનુ મોટુ એકસપોર્ટર બની રહ્યું છે. ઓસ્ટ્રેલિયાની મેટ્રોમાં આપણે ગુજરાતમાં બનેલા કાચ છે.

મેકસીકો, જર્મની, સ્પેનમાં રેલવે દ્વારા જરૂરી નાના મોટા સાધનો ભારતમાંથી બનીને જઈ રહ્યા છે. વડાપ્રધાને જણાવ્યુ હતું કે દાહોદ જેવા આદિવાસી જિલ્લામાં સ્માર્ટ સીટી બને એ જ નવાઈજનક છે. દાહોદ માટે મેં સપના જોયા હતા તે આજે સાકાર થવાનું અને આંખો સામે જોવાનું સૌભાગ્ય મળે છે.

મોદીએ કહ્યું હતું કે અહીનું લોકોમેટીવ ગમે ત્યાં જાય દાહોદનું નામ તેની સાથે લઈ જાય. પીએમ મોદીએ લોકોને દેશમાં બનેલી વસ્તુઓ વાપરવાની અપીલ કરી હતી.

**પહેલગામમાં આતંકીઓએ જે કંઈ કર્યુ તેનાથી શું ભારત ચૂપ બેસી શકે છે? મોદી ચૂપ બેસી શકે છે?: ગુજરાતના રેલ નેટવર્કનું ૧૦૦ ટકા વીજળીકરણ થઈ ગયું છે: ભારત દુનિયાનું મોટું એકસ્પોર્ટલ બન્યું છે : આજના દિવસે ર૬મી મે એ મેં પહેલીવાર વડા પ્રધાનપદના શપથ લીધા : વડાપ્રધાન**

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

**વૃષભઃ** આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો. પોતાને સંભાળીને કામ કરો તો સારું રહેશે, તો સફળતા કાયમી રહેશે.

**મિથુનઃ** તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

**કર્કઃ** ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો.

**સિંહઃ** તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. લાગે છે કે હવે ધીરે ધીરે તમારું નસીબ તમને ટેકો આપશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.

**કન્યાઃ** આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે. તમે તમારા જીવનધોરણમાં સુધારો કરવા માટે આજે શોપિંગ મૂડ બનાવી શકો છો.

**તુલાઃ** આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો.

**વૃશ્ચિકઃ** આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે. ગુપ્ત શત્રુઓ અને ઇર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

**ધનઃ** આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો. આજે પણ તે ચિંતા તમને પરેશાન કરી શકે છે.

**મકરઃ** આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

**કુંભઃ** આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી ધંધો નિયમિત રહ્યો નથી.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે. રોકાયેલા નાણાં મુશ્કેલીથી પ્રાપ્ત થશે.



## ફિલ્મી ગપશપ

### ફિલ્મ-અવલોકન

# ભુલ ચુક માફ : આશા જગાવી પણ અંજામ બગાડી નાખ્યો !

રોમેન્ટિક કોમેડીની શૈલી હંમેશાં બોલિવૂડમાં હિટ રહી છે. આજે આ શૈલી પર ઘણી ફિલ્મો બની રહી છે. ખાસ કરીને પોતાની સ્ટાઈલ માટે જાણીતાં રાજકુમાર રાવ આવી ફિલ્મોના કિંગ માનવામાં આવે છે. પછી તે બરેલી કી બરફી હોય કે પછી સ્ત્રી.

પરંતુ કોમેડી ફિલ્મોમાં કલાકારની સાથે ફિલ્મની વાર્તા અને પટકથા પણ એટલી જ મજેદાર હોવી જરૂરી છે. નહીંતર રાજકુમારની અગાઉની ફલોપ કોમેડી ફિલ્મ વિકી વિદ્યાના વો વાલા વિડિયો જેવું પરિણામ આવી શકે છે. હવે રાજકુમાર રાવ અને વામિકા ગબ્બી ફરી એકવાર કોમેડી ફિલ્મ લાવ્યાં છે. આ ફિલ્મ બનારસમાં રહેતાં રંજન (રાજકુમાર રાવ) અને તિતલી (વામિકા)ની વાર્તા છે. બંને એકબીજાને ખૂબ પ્રેમ કરે છે, પરંતુ તિતલીના પિતા જમાઈને સરકારી નોકરી હોવી જોઈએની શરત મૂકે છે. ગમે તેમ કરીને રંજન ખોટી રીતે પોતાના માટે સરકારી નોકરીની વ્યવસ્થા કરે છે, પરંતુ તેમ છતાં, તેનું લગ્નનું સ્વપ્ન માત્ર એક સ્વપ્ન જ રહે છે.

ખરેખર, તે એક અનન્ય ટાઈમ લૂપમાં ફસાઈ જાય છે (એક અનોખી સ્થિતિ જ્યાં સમય અટકી જાય છે). તેની હલ્દી સેરેમની બાદ તે બીજા દિવસે જાગે છે, પછી ફરી પહેલાં દિવસની તારીખ, જ્યારે હલ્દી સેરેમની થઈ હોય છે. તમામ પ્રયત્નો કરવા છતાં તેના લગ્નની તારીખ આવતી નથી. રંજન, જેને હજુ સુધી લગ્નની ચિંતા હતી, તે હવે આ સમસ્યામાંથી બહાર નીકળવા માટે તમામ પ્રયત્નો કરે છે.

રંજન અને તિતલી લગ્ન કરી શકશે? આ જાણવા માટે તમારે ફિલ્મ જોવી પડશે. પહેલીવાર કોઈ ફિચર ફિલ્મના ડાયરેક્ટરની ખુરશી પર બેઠેલા કરણ શર્માએ એક ફની સ્ટોરી પર મનોરંજક ફિલ્મ બનાવવાનો ભરપૂર પ્રયાસ કર્યો છે. ફિલ્મની શરૂઆત ખૂબ જ રસપ્રદ રીતે થાય છે. રાજકુમાર રાવ, રઘુવીર યાદવ, સંજય મિશ્રા, સીમા પહવા અને ઝાકીર હુસૈન જેવા અનુભવી કલાકારોની મદદથી ફિલ્મની વાર્તા ફૂલ સ્પીડે આગળ વધે છે.

ફર્સ્ટ હાફમાં આ ફિલ્મ તમારું ખૂબ જ મનોરંજન કરે છે, પરંતુ ઈન્ટરવલ બાદ દિગ્દર્શક કરણ શર્મા આ ફિલ્મની વાર્તામાં છુપાયેલા સામાજિક સંદેશને દર્શકો સુધી પહોંચાડવાની ઈચ્છામાં ફિલ્મને પાટા પરથી ઉતારી દે છે. સાથે જ ફિલ્મનો કલાઈમેક્સ પણ દર્શકોને નિરાશ કરે છે. ખરેખર તો કરણ પોતાની કોમેડી ફિલ્મ દ્વારા દર્શકોને એક સામાજિક સંદેશો આપવા માંગે છે, પરંતુ અફસોસની વાત એ છે કે સેકન્ડ હાફમાં ફિલ્મની સ્ટોરી અને સ્ક્રીનપ્લેથી ફિલ્મની ગતિ ધીમી પડી જાય છે. પહેલેથી જ બે કલાક લાંબી આ ફિલ્મ ખાસ કરીને છેલ્લાં અડધાં કલાકમાં દર્શકોની ધીરજની કસોટી કરે છે. એકંદરે એ કહેવું ખોટું નહીં ગણાય કે કરણ વધુ સારા નિષ્કર્ષ પર સારી શરૂઆત કરી શક્યો નહોતો. રાજકુમાર રાવે આ ફિલ્મમાં શાનદાર કામ કર્યું છે. ફિલ્મમાં તે પોતાની સિગ્નેચર સ્ટાઈલમાં દેખાય છે. સાથે જ વામિકા ગબ્બી પણ લીડ રોલમાં છે. તેણે બતાવ્યું કે તેની પાસે ઘણી સંભાવનાઓ છે.

## ઓપરેશન સિંદુર બાદ પ્રથમ પ્રવાસ : રાષ્ટ્રભક્તિ છલકાવતુ સ્વાગત

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતમાં : વડોદરામાં ભવ્ય રોડ-શો







વડોદરા તા.૨૬

પહેલગામ હુમલાનો બદલો લેવા ઓપરેશન સિંદુર હાથ ધરીને પાકિસ્તાનને ધૂળ ચાટતુ કરી દીધા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમવાર આજથી બે દિવસના ગુજરાત પ્રવાસે આવ્યા હતા.

વડોદરા એરપોર્ટ પર રાષ્ટ્રભકિતથી છલકતુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. રોડ-શોમાં હકડેઠઠ મેદની ઉમટી હતી. બે દિવસ જુદા-જુદા કાર્યક્રમોમાં તેઓ ૮૨૦૦૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ તથા ખાતમુર્હુત કરનાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે ગુજરાતના બે દિવસના પ્રવાસે વડોદરા આવી પહોંચ્યા હતા. એરપોર્ટથી એરફોર્સ ગેટ સુધીના રોડ-શો મારફત ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સેંકડો-હજારોની સંખ્યામાં લોકો ઉમટયા હતા અને વડાપ્રધાન મોદીએ અભિવાદન ઝીલ્યુ હતું.

બે દિવસના પ્રવાસ દરમ્યાન વડાપ્રધાન મોદી દાહોદ, ગાંધીનગર તથા ભુજ એમ ત્રણ શહેરોમાં કાર્યક્રમોમાં સામેલ થશે અને ત્યાંથી જુદા-જુદા શહેરોના વિકાસકાર્યોનું લોકાર્પણ તથા ખાતમુર્હુત કરશે.

આજે દાહોદના કાર્યક્રમમાં વડાપ્રધાનના હસ્તે ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટીવ એન્જીનનું રાષ્ટ્રને લોકાર્પણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત આણંદ-ગોધરા, મહેસાણા-પાલનપુર, રાજકોટ-હડમતીયા રેલ લાઈનના ડબલીંગ કામ, સાબરમતી-બોટાદના ૧૦૭ કીમીના રેલ લાઈન ઈલેકટ્રીફીકેશન, કલોલ-કડી રેલલાઈન ગેજ પરિવર્તન સહિત ૨૩૨૯૨ કરોડના કામોનુ લોકાર્પણ કર્યુ હતું.

આજે બપોર બાદ કચ્છના ભૂજમાં વડાપ્રધાનનો કાર્યક્રમ છે. જયાંથી કચ્છ, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, અમદાવાદ, વાપી, મહિસાગર જીલ્લાના વિકાસકામોનુ લોકાર્પણ-ખાતમુર્હુત કરશે.

કંડલા પોર્ટ ઈન્ફાસ્ટ્રકચર સોલાર પ્લાન્ટ, પાવર ટ્રાન્સમીશન, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, પાવરગ્રીડ સહિત ૩૩ વિકાસકાર્યોની ભેટ આપશે. આ સિવાય ગાંધીધામના સેન્ટર ફોર એકસેલન્સ, માતાના મઢ પરિસર, ખાટલા ભવાની, ચાચરકુંડ સહિતના વિસ્તારોના વિકાસકાર્યોની ભેટ આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુજરાત મુલાકાતને પગલે કાર્યક્રમ સ્થળોથી માંડીને સમગ્ર રાજયમાં સુરક્ષાના ચુસ્ત પગલા લેવામાં આવ્યા છે.




## કર્નલ શોફિયા હવે આખા દેશની બહેન રોડ-શોમાં ઉપસ્થિત ભાઈ-બહેનના ગૌરવભેર વિધાન

વડાપ્રધાનના રોડ-શોમાં કર્નલ શોફિયા કુરેશીનો પરિવાર સામેલ થયો હતો. આ તકે શોફિયાની બ્હેન શાઈના સુન્સારાએ કહ્યું કે 'હુ ખુદ એક મહિલા છુ, વડાપ્રધાન મોદીએ મહિલાનુ સ્થાન કેટલુ ઉંચુ કરી દીધુ તેનો ગર્વ અનુભવુ છું. શોફિયા મારી જોડિયા બ્હેન છે તેનું ગૌરવ છે. હવે શોફિયા માત્ર મારી નહીં પરંતુ દેશ આખાની બ્હેન બની ગઈ છે.'

કર્નલ શોફિયાના ભાઈ મોહમ્મદ કુરૈશીએ કહ્યું કે વડાપ્રધાનને રૂબરૂ જોવા તે ગર્વની ક્ષણ છે. શોફિયાને અપાયેલી તક વિશે સૈન્યને અભિનંદન પાઠવુ છું. મહિલાઓનુ સિંદુર છીનવાયુ અને તેનો બદલો મહિલા જ લ્યે તેનાથી ગર્વશાળી ક્ષણ બીજી હોઈ ન શકે. ભારતીય મહિલાઓ પણ પુરૂષથી કમ નથી તે દુશ્મનને દેખાડી દેવાયુ છે.

રોડ-શોમાં દેશ ભક્તિનો રંગઃ કર્નલ શોફિયા પરિવારે પુષ્પવર્ષા કરીઃ ૨૦૦૦ મહિલા એકસમાન સાડીમાં


વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડોદરાના રોડ-શોમાં દેશભક્તિનો રંગ જોવા મળ્યો છે. ઓપરેશન સિંદુર બાદ ભારતીય ગૌરવ-તાકાતની માહિતી જાહેર કરનાર કર્નલ શોફિયા કુરેશીનો પરિવાર ઉપસ્થિત રહ્યો હતો અને વડાપ્રધાન પર પુષ્પવર્ષા કરી હતી.

વડાપ્રધાને પણ 'નમસ્તે' કહીને અભિવાદન ઝીલ્યુ હતુ. પરિવારને મંચ પર સ્થાન આપવામાં આવ્યુ હતું. ૨૦૦૦ જેટલી મહિલાઓ એકસમાન સાડીમાં હતી.

# પુસ્તકોથી આજકાલ જ્ઞાનનો પ્રચાર બહુ થયો છે, પણ પૂર્ણ સંયમ વિના જ્ઞાન આવે નહીં..



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



બે દિવસથી ગુજરાતમાં ધમાચકડી છે.સિંદુરે આલમ રાજયમાં છે અનેક ભેટ મળવાની છે પણ લગ્નસરાની સિઝનમાં લોકલ એસટી બસો બંધ કરી દાહોદ ગાંધીનગર કચ્છની જનતા માટે મુકવામાં આવી છે લોકો બહુ હેરાન થતા જોવા મળ્યા છતાં લોકશાહી છે ને એટલે લોકોનું કયાં ચાલે છે ? આજે મંગળવારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએતો એક દિવસ વાચસ્પતિ મિશ્રા બ્રહ્મસૂત્રના શાંકરભાષ્ય ઉપર ટીકા લખતા હતા.એક લીટી બરાબર બેસતી ન હતી.એવામાં દીવો થોડો મંદ થયો એટલે તેમની પત્ની દીવામાં ની વાટ સંકોરે છે.

અચાનક વાચસ્પતિની નજર તેના ઉપર પડે છે.તેઓ પૂછે છે,દેવી, તમે કોણ છો?તેમની પત્ની કહે છે હું ભામતી તમારી પત્ની.છત્રીસ વર્ષ પહેલા આપણા લગ્ન થયેલાં. હવે વાચસ્પતિને સઘળું જ્ઞાન થાય છે એ કહે છે,છત્રીસ વર્ષ તે મારી સેવા કરી,મારા પર તારો અનંત ઉપકાર છે!ભામતી કહે છે આપ જગતના કલ્યાણ માટે ગ્રંથો રચો છો. આપની સેવા કરી હું કૃતાર્થ થઈ છું. તમારી સેવા કરતાં કરતાં મારો દેહ પડે!

વાચસ્પતિએ કાંઈક માંગવા કહ્યું, છતાં પત્નીએ કાંઈ માગ્યું નહીં.

ત્યારે વાચસ્પતિ કહે છેકે,શાંકર ભાષ્ય ઉપર હું જે ટીકા લખી રહ્યો છું તેનું નામ'ભામતી ટીકા' રહેશે.એ મારી નહીં,તારી તપસ્યા નું ફળ છે.

આજે પણએ ટીકા ભામતી ટીકા ને નામે ઓળખાય છે.આવો હતો ભારતવર્ષ.એક ઘરમાં છત્રીસવર્ષો સંયમથી રહ્યાં.આવા પુરુષોને જ્ઞાન મળે છે.બાકી કાંઈ જ્ઞાન બજારમાં મળતું નથી.પુસ્તકોથી આજકાલ જ્ઞાનનો પ્રચાર બહુ થયો છે,પણ પૂર્ણસંયમ વિના જ્ઞાન આવે નહીં. પૂર્ણ સંયમ વિના પરમાત્મા પ્રગટ થાય નહીં.

એક ઘરમાં રહેવા છતાં કર્દમ-દેવ હુતિ બાર વર્ષ સુધી સંયમ પાળે છે કર્દમ એ જીવાત્મા છે, દેવહુતિ એ બુદ્ધિ છે.

એક દિવસ કર્દમ ઋષિએ દેવહુતિ ને કહ્યું, કાંઈ વરદાન માગો. દેવી તમે માગશો તે આપવા તૈયાર છું.

દેવહુતિ કહે છે,તમારા જેવા જ્ઞાનીપતિ મળ્યા તે જ વરદાન. હું પૂજા કરી એટલું જ માગું છું કે મારું સૌભાગ્ય અખંડ રહે.

દેવહુતિ સરસ્વતીના કિનારે સ્નાન કરવા ગયાં. દેવહુતિએ સ્નાન કર્યું. સંકલ્પથી કર્દમઋષિએ વિમાન બનાવ્યું. દેવહુતિ-કર્દમ વિમાનમાં બેઠાં. કથામાં શાંત અને કરુણરસ પ્રધાન છે. શૃંગાર અને હાસ્યરસ ગૌણ છે.કથામાં શૃંગાર રસનુંવર્ણન કરવાની મહાત્માએ આજ્ઞા આપી નથી.કથા સાંભળ્યા પછી વિષયો પ્રત્યે અરુચિ ન થાય અને ઈશ્વર પ્રત્યે રુચિ ન થાયતો કથાસાંભળી નથી તેમ માનજો. કથા સાંભળ્યા પછી વૈરાગ્ય આવે છે.

કર્દમ દેવહુતિને ત્યાં નવ કન્યાઓ થઈ. નવ કન્યાઓનો પિતા થાય તેને ત્યાં કપિલ આવે છે.આ નવ કન્યાઓ એટલે નવધા ભક્તિ. એટલે કે નવધા ભક્તિ વગર જ્ઞાન ન મળે.

નવધા ભક્તિ ન આવે ત્યાં સુધી કપિલ એટલે કે જ્ઞાન ન આવે. નવધા ભક્તિ એટલે શ્રવણ,કીર્તન સ્મરણ,પાદસેવન,અર્ચન,વંદન, દાસ્ય,સખ્ય અને આત્મનિવેદન નવધા ભક્તિ સિદ્ધ થયા પછી કપિલ ભગવાન આવે છે. ભક્તિ જ જ્ઞાનરૂપે પરિણમે છે.ભક્તિની ઉત્તરાવસ્થા એ જ જ્ઞાન છે. અપરોક્ષ જ્ઞાનની પૂર્વાવસ્થાએ જ ભક્તિ છે.ભક્તિ પછી જ્ઞાન આવે છે. ભક્તિ એ જ્ઞાનની માતા છે. નવધા ભક્તિ જેની સિદ્ધ ન થાય તેને જ્ઞાન મળતું નથી.ભક્તિ દ્વારા જ્ઞાન મળે છે. તત્ત્વ દષ્ટિએ છેવટે જ્ઞાન અને ભક્તિમાં અંતર નથી. ભક્તિ પહેલાં દાસોહમ્ અને પછી સોહમ્ થાય છે. દાસોહમ્ એટલે હું દાસ છું એવો ભાવ અને સોહમ્ એટલે હું બ્રહ્મ છું એ જ્ઞાન કર્દમ-દેવહુતિનું દસમું સંતાન તે કપિલ ભગવાન.યોગી ઓના અને સાધુઓના આચાર્ય બ્રહ્માદિદેવો કર્દમઋષિના આશ્રમમાં આવ્યા. બ્રહ્માજીએ કર્દમને કહ્યું,તમારો ગૃહસ્થાશ્રમ સફળ થયો છે. જગતપતિના પણ પિતા બન્યાછો તમારો પુત્ર જગતમાં દિવ્યજ્ઞાનનો ઉપદેશ કરશે.જીવ ભગવાન માટે આતુર છે ત્યારે ભગવાનનો અવતાર થાય છે.કર્દમ અને દેવ હુતિની તપશ્ચર્યા અને આતુરતા થી ભગવાન તેમને ત્યાં પુત્રરૂપે અવતર્યા.યોગીઓ યોગથી બ્રહ્મ દર્શન કરી શકે છે.પણ સંસારી લોકો શુદ્ધ ભક્તિથી ભગવાનને પુત્રરૂપે પ્રાપ્ત કરી શકે છે અને ભગવાનને રમાડી શકે છે.

કપિલ ભગવાનનો જન્મ થયો છે. દેવહુતિ કહે છે, હવે તમે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી શકો છો. ત્યારે કર્દમ કહે છે કે,આ નવ કન્યાની મને ચિંતા થાય છે.

મહાભારતમાં કથા છે.ભીષ્મ પ્રતિજ્ઞા કરી કે આવતીકાલે અર્જુનને મારીશ.આતો ભીષ્મા ચાર્યની પ્રતિજ્ઞા!શ્રીકૃષ્ણને ચિંતા થઈ. આવતીકાલે મારા અર્જુનનું શું થશે.એ અર્જુનને જોવાઆવ્યા ત્યારે અર્જુન તો ઘસઘસાટ ઊંઘતો હતો શ્રીકૃષ્ણ કહે,અરે,તું ઊંઘે છે?અર્જુન કહે,કેમ ન ઊંઘું? મારા માટે તમે જાગો છોપછી મારે શું ચિંતા?મેં મારું કર્તવ્ય કર્યું છે. હવે તમારે તમારું કાર્યે કરવાનું. મારું કર્તવ્ય છે અનન્ય શરણાગતિ.મને કોઈ મારશે તો જગતમાં તમારી અપ કીર્તિ થશે જ્યારે કર્દમે કહ્યું કે,નવ કન્યાઓ ની મને ચિંતા છે ત્યારે બ્રહ્મા કહે, તમે ચિંતા શા માટે કરો છો? તમારા ઘરે પ્રભુ પધાર્યા છે. તમે ચિંતા ન કરો પણ પ્રભુનું ચિંતન કરો. વલ્લભાચાર્યજીએ કહ્યું છે, ચિંતા ન કરવી.વૈષ્ણવો સેવા-સ્મરણ કરતાં તન્મય બને છે. તેની ચિંતા ઠાકોરજીને હોય છે.બ્રહ્મા નવ ઋષિઓને સાથે લાવેલા. એક-એક ઋષિને એક-એક કન્યા આપી અત્રિને અનસૂયા આપી. વસિષ્ઠને અરુંધતી આપી વગેરે. કર્દમઋષિએ વિચાર કર્યો કે, માથે બોજો હતો તે ઊતરી ગયો.પછી કર્દમ કપિલ પાસે આવ્યા.કહે કે, મારે હવે સંન્યાસ લેવો છે.

પરમાત્માનાં દર્શન માટે સર્વસુખનો ત્યાગ,કામ્યકર્મન્યાસ એનું નામ સંન્યાસ.કેવળ ઈશ્વર માટે જીવે તે સંન્યાસી.

કપિલે કહ્યું,આપની ઈચ્છા સુંદર છે.સંન્યાસ લીધા પછી કોઈ પ્રકાર ની ચિંતા કરશો નહીં.બે પ્રકારની મુકિત છેઃકૈવલ્યમુકિતમાં જીવ ઈશ્વરમાં લીન થાય છે,જીવઈશ્વર એક બને છે.ભાગવતી મુક્તિમાં જીવ ઈશ્વર સાથે પ્રેમથી એકથાય છે પણ તેમાં થોડું દ્વૈત રાખી નિત્ય લીલા,નિત્ય સેવામાં તે દાખલથાય છે કર્દમ ઋષિએ સંન્યાસ લીધો. પરમાત્મા માટે સંસારનાં સર્વ સુખ નો ત્યાગ એ જ સંન્યાસ, ત્યાગ વગર સંન્યાસ દીપે નહીં.

સંન્યાસની વિધિ જોતાં પણ વૈરાગ્ય આવે છે.સંન્યાસની ક્રિયા માં વિરજા હોમ કરવો પડે છે. દેવ બ્રાહ્મણ,સૂર્ય,અગ્નિઆબધાની સમક્ષ વિરજા હોમ કરવો પડે છે.પછી નદીમાં સ્નાન કરી લંગોટી પણ ફેંકી દઈ નગ્ન અવસ્થામાં બહાર આવવું પડે છે. આદિ નારાયણનું ચિંતન કરતાં કરતાં કર્દમ ઋષિને ભાગવતી મુક્તિ મળી.હવે કપિલ ગીતાનો આરંભ થાય છે.આ અતિ દિવ્ય પ્રસંગ છે દીકરો ઉપદેશ આપે છે. ભાગવતનું આ અગત્યનું પ્રકરણ છે.તેના નવ અધ્યાય છે.કપિલ ગીતાનો પ્રારંભ પચીસમા અધ્યાય થી છે.તેમાં સાંખ્યશાસ્ત્રનોઉપદેશ છે.ત્રણ અધ્યાયોમાં પહેલાં વેદાંત નું જ્ઞાન કહ્યું છે.ત્યારબાદ ભક્તિ નું વર્ણન કરેલું છે.તે પછી સંસાર ચક્રનું વર્ણન આવે છે.દેવહુતિના મનમાં કેટલાક પ્રશ્નો છે તેનો જવાબ જડતો નથી.તેવે વખતે તેને યાદ આવે છેકે,ઋષિઓએ કહેલું કે, આ બાળક માતાનો ઉદ્ધાર કરવા આવ્યો છે એટલે દેવહુતિ કપિલ ભગવાન પાસે આવ્યાં કહે,આપ આજ્ઞા કરો તો પ્રશ્ન પૂછવાની ઈચ્છા છે.માતા દેવહુતિ કપિલ દેવમાં પુત્ર બુદ્ધિમાં નહીં,પણ ગુરુ બુદ્ધિ સ્થાપીને પોતાના ઉદ્ધારના ઉપાયના પ્રશ્નો પૂછે છે.

કપિલ કહે છે,મા,સંકોચ ન રાખો. તમારે જે પૂછવું હોય તે પૂછો.મા દેવહુતિએ આરંભમાં શરણાગતિ લીધી છે.ઈશ્વરની શરણાગતિ લીધા સિવાય જીવનો ઉદ્ધાર થતો નથી.ગીતામાં અર્જુને પણ પ્રથમ શરણાગતિ લીધી કે,હું તમારો શિષ્ય છું.તમે કહેશો તે કરીશ. દેવહુતિએ પ્રશ્ન કર્યો, જગતમાં સાચુ સુખ કયાં છે ?સાચો આનંદ કયાં છે ?જે આનંદ નો વિનાશ ન થાય તેવો નિત્યાનંદ મને બતાવો!.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત વૈશાખ માસનો અંતિમ દિવસ ગઈકાલે બપોર પછી અમાસ હતી આજે મંગળવારે પણ અમાસ એકમનો ભાગ છે. ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે જે જોયું તે વિશે માહિતગાર થશો.ગરમી ખૂબ છે તો બિનજરૂરી બહાર નીકળવાનું ટાળજો સદા ખુશ રહો તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

### જિલ્લા બહારથી આવતાં અને પત્રકારતાની આડમાં દમદમાટ કરતા તત્વો સામે કડક પગલાં લેવાની રજૂઆત

# મહેસાણામાં તોડબાજ પત્રકારો સામે પત્રકાર સંગઠન ચડ્યું મેદાને જિલ્લા કલેક્ટર અને એસ.પી.ને આવેદનપત્ર આપી કાનૂની કાર્યવાહીની માંગ

**અસલ પત્રકારોની છબી ખરડાવનાર તત્વો દૂર કરવા દબાણ, અધિકારીઓ તરફથી કાર્યવાહીના આશ્વાસન સાથે સહકારની ખાતરી**





## તોડબાજ પત્રકારોના ખોટા હથિયારો

૧. જૂઠું ઓળખપત્રઃ કેટલાય તત્વો ફેક કાર્ડ બનાવી નકલી ઓળખ આપી વેપારીઓ પાસે ધાકધમકી કરે છે.

૨. બ્લેકમેલિંગ સ્ટાઇલઃ "ફલાણા સમાચાર છાપી દઈશું", "ફોટો લગાડી દઈશું" જેવી ધમકી આપે છે.

૩. દબાણ માટે ગુનાહિત કનેક્શનઃ કેટલાં તત્વો પાછળ ગુનેગાર પ્રકારના લોકો હોવાની આશંકા.

૪. જાતે છાપી એજ પત્રકાર બની જાયઃ લઘુપત્રિકા છાપીને કોઇ પ્રમાણિત સ્તરે નોંધણી વિના પત્રકાર બને છે.

૫. અસલ પત્રકારોને પણ શંકાની નજરે જોવાયઃ આવા તત્વોની હરકતોના કારણે સાચા પત્રકારોને પણ બદનામી ભોગવવી પડે છે.

## 'ગરવી તાકાત'ના તંત્રીનો અભિપ્રાય : પત્રકારત્વના પવિત્ર વ્યવસાયને તોડબાજીથી બચાવવાની તાતી જરૂર

**માહિતી અને જાગૃતિના યોગદાતા તરીકે પત્રકારત્વે આજ સુધી દેશના લોકતંત્રને મજબૂતી આપી છે. પણ હાલમાં જોવામાં આવે છે કે કેટલીક જગ્યાએ પત્રકારત્વના આ પવિત્ર મંચનો દુરુપયોગ થઈ રહ્યો છે. પોતાને પત્રકાર તરીકે ઓળખાવીને જિલ્લા બહારના કેટલાક તત્વો તોડબાજી, ધમકી અને અયોગ્ય રીતે પૈસા પડાવવાની પ્રવૃત્તિમાં જોડાયેલા છે. આવા તત્વો માત્ર વેપારીઓને નહીં, પણ પત્રકાર સમુદાયને પણ બદનામ કરી રહ્યાં છે.**

**સાચા અને નિષ્ઠાવાન પત્રકારોને આવી પ્રવૃત્તિઓથી ગુમનામ થવું પડે એ સૌથી મોટો ખતરો છે. મહેસાણામાં પત્રકાર સંગઠન દ્વારા થયેલી સચેત રજૂઆત એ સમયસર્જિત પગલું છે. અધિકારીઓએ સહકાર આપવાનો આશ્વાસન આપ્યો છે, પરંતુ હવે ખરેખર દેખીતા પગલાં લેવાય તે વધુ મહત્વપૂર્ણ છે.જો સાચા અને ખરા પત્રકારોને માન-મર્યાદા આપવી હોય તો આવા તત્વોને પકડીને ઉખેડી ફેંકવાં પડશે. સાથે જ મીડિયા હાઉસ, પત્રકાર સંગઠનો તથા પોલીસ તંત્રને મળીને પત્રકારત્વ માટે "સ્વચ્છતા અભિયાન" ચલાવવું પડશે.**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૬

મહેસાણા શહેર તથા સમગ્ર જિલ્લામાં તાજેતરમાં એવા તત્વોનો ઉપદ્રવ વધી રહ્યો છે, જે જિલ્લા બહારથી આવી તોડબાજી પ્રવૃત્તિમાં જોડાયેલા છે અને પોતાને 'પત્રકાર' તરીકે ઓળખાવીને વેપારીઓ, દુકાનદારો તેમજ વિવિધ વ્યવસાયિક સંસ્થાઓ ઉપર દબાણ બનાવે છે. આવી પ્રવૃત્તિઓથી સમગ્ર પત્રકાર જગતની છબી ખરડાઈ રહી છે.

આ પરિપ્રેક્ષ્યમાં મહેસાણા જિલ્લા અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિના નેજા હેઠળ આજે મોટા પાયે પત્રકારોએ જિલ્લા કલેક્ટર તથા જિલ્લા પોલીસ અધિક્ષકને આવેદનપત્ર આપી કડક કાર્યવાહીની માગણી કરી હતી. પત્રકારોના હક્કોના રક્ષણ માટે કાર્યરત આ સંગઠન દ્વારા રજૂઆત કરવામાં આવી કે આવા તત્વોને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં આવી પ્રવૃત્તિ ન બને તે માટે ચોક્કસ માર્ગદર્શિકા બનાવવામાં આવે.

અહીં નોંધનીય છે કે મહેસાણા શહેર અને તાલુકા સહિત અન્ય તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં પત્રકારો જિલ્લા કલેક્ટર કચેરીએ એકઠા થયા હતા. સૌએ એકસુરે માંગણી કરી કે પત્રકારત્વના પવિત્ર વ્યવસાયનો દુરુપયોગ કરનાર ×કથિત તોડબાજ પત્રકારો× સામે કાયદા મુજબ કડક પગલાં લેવાં જરૂરી છે. અહી ઉલ્લેખનીય છે કે હાલમાં ઘણા વેપારીઓ અને ઉદ્યોગસાહસિકો પણ આવી પ્રવૃત્તિથી ત્રસ્ત છે અને તેઓએ વારંવાર ખાનગી રાહે લેખિત તેમજ મૌખિક ફરિયાદો કરી છે કે કેટલાક તત્વો પત્રકારતાના નામે તેમની છબી ખરડવા અને પૈસા પડાવવાના પ્રયાસ કરે છે.

આવેદનપત્ર પાઠવ્યા બાદ કલેકટરશ્રી અને એસ.પી.શ્રીએ પત્રકાર પ્રતિનિધિઓને સંપૂર્ણ સહકાર આપવાનો આશ્વાસન આપ્યો હતો તથા આવા તત્વો સામે તપાસ શરૂ કરવાની ખાતરી પણ આપી હતી. પત્રકાર સુરક્ષા સમિતિએ જણાવ્યુ હતું કે જો આ સંદર્ભમાં તત્કાલ પગલાં નહીં લેવાય તો સમગ્ર જિલ્લાભરમાં વ્યાપક આંદોલન અને કાનૂની લડત ચલાવવામાં આવશે. આ મોરચામાં સહભાગી પત્રકારોએ જનતા સમક્ષ પણ અપીલ કરી છે કે સાચા પત્રકારોની ઓળખ સાચવે અને છબી ખરડાવનાર તત્વો સામે સામૂહિક રીતે વાંધો ઉઠાવવો જોઈએ. આ મુદ્દે હવે તંત્રની કામગીરી સામે સમગ્ર પત્રકાર સમુદાયની નજર છે.

### ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના અધ્યક્ષસ્થાને પત્રકાર પરિષદ યોજાઇ

# ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર કટીબધ્ધ : જિલ્લા ચૂંટણી અધિકારી એસ. કે. પ્રજાપતિ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૫

આજરોજ ૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી એસ. કે. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી.

આ પત્રકાર પરિષદમાં સંબોધન કરતા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી એસ. કે. પ્રજાપતિએ જણાવ્યું હતું કે ભારતના ચૂંટણીપંચ દિલ્હી દ્વારા તા.૨૫/૦૫/૨૦૨૫ના રોજ ૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી-૨૦૨૫ ચૂંટણી કાર્યક્રમ નોટીફીકેશનથી જાહેર કરેલ છે. જે મુજબ ચૂંટણી પંચનું ગેઝેટ જાહેરનામું બહાર પાડવાની તારીખ

૨૬-૦૫-૨૦૨૫(સોમવાર), ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૦૨-૦૬-૨૦૨૫(સોમવાર), ઉમેદવારીપત્રો ચકાસણી તારીખ ૦૩-૦૬-૨૦૨૫(મંગળવાર), ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ ૦૫-૦૬-૨૦૨૫(ગુરૂવાર),

મતદાનની તારીખ ૧૯-૦૬-૨૦૨૫(ગુરૂવાર), મતગણતરીની તારીખ ૨૩-૦૬-૨૦૨૫(સોમવાર) અને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ ૨૫-૦૬-૨૦૨૫(બુધવાર) રહેશે. જ્યારે મતદાનનો સમય સવારે ૭ થી સાંજે ૬ રહેશે.





વધુમાં તેમણે જણાવ્યું કે, ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મત વિસ્તારની પેટા-ચૂંટણી કરવા માટે પ્રાંત અધિકારીશ્રી, કડી રીટર્નીંગ ઓફિસર (ચૂંટણી અધીકારી) તરીકે રહેશે. તથા મામલતદારશ્રી કડી,મામલતદારશ્રી જોટાણા તથા મામલતદારશ્રી ડીઝાસ્ટર, કલેકટર કચેરી, મહેસાણા આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફિસર (મદદનીશ ચૂંટણી અધીકારી) તરીકે રહેશે. ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મત વિસ્તારની પેટા-ચૂંટણી કરવા માટે ઉમેદવારી ફોર્મ મેળવવા તથા ભરીને આપવા માટે પ્રાંત અધિકારીશ્રી, કડી રીટર્નીંગ ઓફિસરની કચેરી, તથા મામલતદારશ્રી કડી, આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફિસરની કચેરી રહેશે.

૨૪-કડી વિધાનસભા મતવિભાગના મતદારો અને મતદાનમથકોની વિગત અંગે વાત કરતા જિલ્લા ચૂંટણી અધિકારીએ જણાવ્યું કે, આજની સ્થિતિએ વિધાનસભા મતવિભાગમાં ૧,૪૯,૭૬૦ પુરુષ મતદારો અને ૧,૪૦,૦૯૨ સ્ત્રી મતદારો અને થર્ડ જેન્ડર ૪ મતદાર મળી કુલ ૨,૮૯,૮૫૬ મતદારો નોંધાયેલ છે. ૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગ પેટા ચૂંટણી માટે કુલ ૨૯૪ મતદાન મથકો આવેલા છે. જેમાં ૫૪ શહેરી અને ૨૪૦ ગ્રામ્ય મતદાન મથકોનો સમાવેશ થાય છે.

આ તકે તેમણે ચૂંટણી મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે અને તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર કટીબધ્ધ હોવાનું જણાવી મુકત નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ વાતાવરણમાં ચૂંટણીઓ સંપન્ન કરવા વેબ-કાસ્ટીંગ, CAPF, વિડીયોગ્રાફી, મતદાન કેન્દ્રો ખાતે માઈક્રો ઓબ્ઝર્વર વિગેરેનો ઉપયોગ કરવામાં આવશે તેની જાણકારી આપી હતી.

આ પત્રકાર પરિષદમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી વિવેક બારહટે જણાવ્યું હતું કે, ૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગ પેટા ચૂંટણી-૨૦૨૫ માટે કુલ-૦૭ સખી મતદાન મથક, ૦૧ઁદ્ધ મતદાન મથક, ૦૧ યંગ મતદાન મથક અને ૦૧ આદર્શ મતદાન મથકની રચના કરવામાં આવેલ છે.

વધુમાં તેમણે જણાવ્યું કે ૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગ પેટા ચૂંટણી-૨૦૨૫ માટે મતદાન મથકો ખાતે **Assured Minimum Facilities (AMF)** જેવી કે, પીવાનું પાણી, શેડ, ટોઈલેટ તથા દિવ્યાંગ મતદારો માટે રેમ્પની સુવિધા ઉપલબ્ધ છે.

આ ઉપરાંત તમામ ૨૯૪ મતદાન મથક સ્થળો ઉપર મતદાનના દિવસે વ્હીલચેરની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ૨૪-કડી (અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી – ૨૦૨૫ અન્વયે ચૂંટણીલક્ષી જાહેર સભા, સરઘસ, રેલી, લાઉડસ્પીકર તથા વાહનો માટેની પરવાનગી ચૂંટણી અધિકારી અને પ્રાન્ત અધીકારીશ્રી કડીની કચેરી તથા મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી કડીની કચેરી ખાતેથી મેળવવાની રહેશે.

વિધાનસભા મતવિભાગના ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મહત્તમ મર્યાદા રૂ. ૪૦ લાખ (ચાલીસ લાખ પુરા) છે. ભારતના ચૂંટણી આયોગ દ્વારા નિર્ધારિત ખર્ચની મહત્તમ મર્યાદા કરતાં ખર્ચ વધે તો ચૂંટાયેલા ઉમેદવાર ગેરલાયક ઠરી શકે છે.આ પત્રકાર પરિષદમાં નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી મિલાપ પટેલ, નાયબ માહિતી નિયામકશ્રી, ચૂંટણી મામલતદારશ્રી તેમજ જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેડબ્રહ્મા ખાતે "અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ" અંતર્ગત તાલીમનું આયોજન



(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૬

સાબરકાંઠાના ખેડબ્રહ્મા મેઘદર્શન સોસાયટી ખાતે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા "અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ" અંતર્ગત તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડબ્રહ્મા નગરપાલીકા વિસ્તારમાંથી ૫૬ જેટલા તાલીમાર્થીઓએ ઉત્સાહ પુર્વક ભાગ લીધો હતો.

આ તાલીમમાં બાગાયત અધિકારીશ્રી વી.જે.ચૌધરી દ્વારા બાગાયત ખાતાના "ગ્રો મોર ફ્રૂટ ક્રોપ" અભિયાન વિષે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ મદદનીશ બાગાયત નિયામકશ્રી જે.એમ.પટેલ દ્વારા અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ તથા કિચન ગાર્ડનનું મહત્વ અને તેના ફાયદા, ઘર આંગણે કિચન ગાર્ડનમાં ઉગાડી શકાય તેવા વિવિધ પાકો, તેમાં ઉપયોગી વિવિધ મીડિયા તથા સાધનો વિષે ખુબ જ વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી. બાગાયત મદદનીશશ્રી એન.આર.પટેલ દ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ ,ફળ અને શાકભાજીની વિવિધ મુલ્યવર્ધન બનાવટો વિષે માહીતી આપવામાં આવી હતી. તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોસ્તાહિત કરવામાં આવ્યા હતા.

આ તાલીમમાં બાગાયત વિભાગ સ્ટાફ તેમજ તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા.

### ડીસા જાવલ ગામે રોડ પર કાદવ કીચડ છવાતાં લોકોનું આરોગ્ય જોખમમાં



(ગરવી તાકાત) ડીસા તા.૨૬

ડીસા તાલુકાના જાવલ ગામે છેલ્લા કેટલાય સમયથી પાઈપલાઈન લિકેજ થતાં પાણી રોડ પર રેલાતા જાહેરમાર્ગો પર કાદવ કીચડ છવાતાં આરોગ્ય વિભાગ દ્વારા જાવલ ગામ પંચાયતને નોટીસ આપવામાં આવી છે ત્યારે જાવલ ગામે અગાઉ પણ આરોગ્ય વિભાગ દ્વારા લેખિતમાં જાણ કરી હોવા છતાં જાવલ ગામ પંચાયત દ્વારા કોઈ નોંધ લીધી ન હતી ત્યારે આજે કુચાવાડા આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર જાવલ ગામેની મુલાકાત લીધી અને જાવલ ગામ પંચાયતને તાત્કાલિક અસરથી પાઈપલાઈન રીપેરીંગ કરાવા માટે કડક સુચનાઓ આપવામાં આવી હતી જાવલ ગામ પંચાયતની પાઈપલાઈન લિકેજ થતાં પીવાનું પાણી રોડ પર રેલાતા જાહેરમાર્ગો પર કાદવ કીચડ છવાયું છે ત્યારે ગામ પંચાયત કચેરીની ગંભીર બેદરકારી સામે આવી રહી છે જાવલ ગામના ગ્રામજનો ના આરોગ્યની ગામ પંચાયતને કોઈ ચિંતા ન હોય તેવું દેખાઈ રહ્યું છે ત્યારે હાલમાં પ્રાથમિક શાળાઓમાં વેકેશન છે અને પાઈપલાઈનનું પાણી પણ શાળા સામે રેલાતા શાળા ખુલતા બાળકોનું આરોગ્ય પણ જોખમમાં મૂકાઈ શકે તેમ છે ત્યારે આરોગ્ય વિભાગના આદેશને ઘોળીને પી જતા ગામ પંચાયતને તાલુકા વિકાસ અધિકારી દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી જનમાગ ઉઠવા પામી રહી છે..

### કાંકરેજ તાલુકાના આકોલી દરબાર ગઢ ઓગડ ચોક ખાતે

### સ્વ.ભગવાનસિંહજી વાઘેલાની ૩૫ મી પુણ્યતિથિ નિમિત્તે ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયો

કાંકરેજ તાલુકાના આકોલી દરબાર ગઢ ઓગડ ચોક ખાતે સ્વર્ગીય ભગવાનસિંહજી બધસિંહજી વાઘેલા (પુર્વ સરપંચ) ની ૩૫ મી પુણ્યતિથિ નિમિત્તે ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો જેમાં અરણીવાડા આશ્રમ ના સંત શ્રી કડવારામજી મહારાજ ની સાનિધ્યમાં ભજન સત્સંગ માં આકોલી શ્રી રાધા કૃષ્ણ મંદિરના પૂજારી જલારામ જોષી.શ્રી ભીડ ભંજન હનુમાનજી મહારાજ ના મંદિર ના પૂજારી શ્રી રાજુગિરિ ગૌસ્વામી.ભક્ત મંડળ ના ભક્તો બચુભા ભગત. મદારસિંહ ઝાલા.શાન્તુભા ભગત.બળવંતસિંહ ભગત. દાદુભા ભગત.ડી.જી. વાઘેલા. વીરસિંહ વાઘેલા . બકુભા વાઘેલા અને અરુણસિંહ વાઘેલા સહીત સ્વર્ગીય ભગવાનસિંહજી વાઘેલા ના ચિરંજીવી હેમુભા વાઘેલા અને મહેન્દ્રસિંહ વાઘેલા એ સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય કરી પુષ્પાંજલિ અર્પણ કરી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો અને સંત શ્રી કડવારામજી મહારાજ દ્વારા સુંદર સત્સંગ પીરસવામાં આવ્યું હતું અને સર્વે ભક્તો દ્વારા ભજન ની રમઝટ બોલાવી હતી જોકે શ્રોતાઓ ભજનમાં તરબોળ થઈ ગયા હતા અને સમગ્ર વાર્તાવરણ ભક્તિમય બની ગયું હતું અને કુમકુમ તિલક કરી ફૂલહાર પહેરાવીને ગુરૂપૂજન કરી ધન્યતા અનુભવી હતી જોકે થોડા દિવસો પહેલાં જ સ્વ હંસાબા વાઘેલા નું દુ:ખદ અવસાન થયું હતું જેમાં ઉપસ્થીત ભક્તો શ્રોતાઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી સ્વર્ગીય આત્મા ને પ્રભુ શાન્તિ આપે એવી પ્રાથના કરી હતી અને સૌ કોઈ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી સંત શ્રી કડવારામજી મહારાજ ના આશીર્વાદ લીધા હતા અને સ્વર્ગીય ભગવાનસિંહજી ના આત્મા ને શાન્તિ માટે પ્રાર્થના કરી હતી.



Volume : 11 Issue : 43 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002